# ગોગો પેપર વેચનારા પર પોલીસની તવાઈ

**ડ્રગ્સ** સેવનમાં વપરાતા ગોગો પેપરના વેચાણની ફરિયાદ બાદ સિટી લાઇટ વિસ્તારમાં બ્લિન્કીટ પર કાર્યવાહી

**એક** વર્ષના ઓનલાઈન ઓર્ડરની વિગતો મંગાવાશે: ડીસીપી-નકુમ

સુરત: ચરસગાંજાના સેવન માટે વપરાતા ગોગો પેપરનું ઓનલાઈન વેચાણ થતું હોવાની માહિતી સામે આવતા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે બ્લિન્કીટ જેવા ઓનલાઈન ડિલિવરી પ્લેટફોર્મ મારફતે ગોગો પેપર પહોંચતું હોવાની શંકાથી દરોડા પાડવામાં આવ્યા હતા. ગાંજા, ચરસ સહિતના નશીલા પદાર્થોના સેવન માટે ઉપયોગી ગોગો પેપરના સ્ટોકિસ્ટ પર પોલીસે દરોડા પાડ્યા હતાં. ઉધના મગદલ્લા રોડ પર આવેલી બ્લિન્કીટની ઓફિસ તેમજ સિટી લાઇટ રોડ પર આવેલી ત્રણ દુકાનોમાં કાર્યવાહી કરવામાં આવી હતી. એસઓજી ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે છેલ્લા એક વર્ષમાં ગોગો પેપરના ઓર્ડર કરનારાઓની યાદી મંગાવવામાં આવશે.

### અસલી ખેલ 'ક્લાઉડ' એટલે કે ઓનલાઇન પ્લેટફોર્મ પર રમાઈ રહ્યો છે

નશો કરવા માટેના સાધનોનોનો અસલી વેપાર હવે 'ક્લાઉડ' એટલે કે ઓનલાઈન પ્લેટફોર્મ પર ખસેતો જોવા મળે છે. ઈ-કોમર્સ અને ડિલિવરી એપ્સ મારફતે સરળતાથી આવા સામાન પહોંચતા હોય છે એટલે પોલીસે તેની ઉપર પણ નજર રાખવી પડશે.

### ગાંજા પર પ્રતિબંધ, પરંતુ પીવાનાં સાધનોનું ખુલ્લેઆમ વેચાણ

રાજ્યમાં ગાંજા જેવા નશીલા પદાર્થો પર કાયદેસર પ્રતિબંધ હોવા છતાં તેને પીવા માટે વપરાતા સાધનો સરળતાથી ઉપલબ્ધ હોવા અંગે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. કાયદાકીય નિષ્ણાતો અને જાગૃત નાગરિકોનું કહેવું છે કે ગાંજા જો ગેરકાયદે છે, તો તેને રોલ કરીને પીવા માટે ઉપયોગમાં લેવાતા ગોગો પેપર જેવા સાધનોના વેચાણને કેમ છૂટ આપવામાં આવી રહી છે?

### 10 થી 15 કંપનીઓના પ્લેટફોર્મ પર ઓનલાઇન વેચાણ

10થી 15 અલગ-અલગ કંપનીઓના વિકલ્પ તરીકે ઓનલાઈન વેચાણમાં ઉપલબ્ધ છે. 15 રૂપિયાથી લઈને 200 રૂપિયાની કિંમતમાં સરળતાથી મળી જતા આ સાધનો નશાના પ્રવાહને વધુ વેગ આપી રહ્યા છે. જો સમયસર પગલા નહીં લેવાય, તો 'ઉડતા પંજાબ' જેવી સ્થિતિ 'ઉડતા સુરત' બનતી વાર નહીં લાગે.

### નશો કરવા માટે જરૂરી સામગ્રીના ઓનલાઇન વેચાણ પર પણ નજર

આજની કાર્યવાહીથી સુરત પોલીસે સ્પષ્ટ કર્યું છે કે, માત્ર દુકાનો કે ગલ્લાઓ પૂરતી કાર્યવાહી સીમિત રહેશે નહીં, પરંતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તેમજ ઓનલાઈન શોપિંગ એપ્સ પર પણ કડક દેખરેખ રાખવામાં આવશે. બ્લિન્કીટ જેવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ગોગો પેપરનું વેચાણ બંધ કરાવવું તંત્ર માટે મહત્વની સફળતા ગણાઈ રહી છે.

### ઓર્ડર આપનારની ઉંમર કોણ ચકાસશે?

આ સમગ્ર મુદ્દામાં સૌથી ગંભીર અને ચિંતાજનક પાસું એ છે કે ઓનલાઈન વેચાણમાં 'એજ વેરિફિકેશન'નો સંપૂર્ણ અભાવ જોવા મળી રહ્યો છે. પાનના ગલ્લે ઘણી વખત દુકાનદાર નાના બાળકોને સિગારેટ કે ગોગો પેપર આપતા અચકાય છે, પરંતુ ઓનલાઈન એપ્લિકેશન્સ માટે ઉંમર કોઈ મુદ્દો જ રહેતો નથી. ત્યાં માત્ર ઓર્ડર અને પેમેન્ટ પૂરતું જ માપદંડ બની ગયું છે. રિયાલિટી ચેકમાં સામે આવ્યું કે ડિલિવરી આપતી વખતે કોઈ ઉંમર પૂછતું નથી. જો તમારા ઘરમાં નાનું બાળક પણ એપ પરથી આ ઓર્ડર કરે, તો તેને કોઈ રોકટોક વગર ગાંજા પીવાનું આ સાધન મળી જાય છે. વાલીઓ માટે આ એક લાલબત્તી સમાન કિસ્સો છે.

# અઠવાલાઈન્સ ઘડિયાળ તોડકાંડમાં મુખ્ય વિલનને બચાવવાના આક્ષેપ

**એક** કોન્સ્ટેબલને બલિનો બકરો બનાવાયાની પણ ચર્ચા

સુરત: અઠવા લાઈન્સ વિસ્તારમાં થયેલો ઘડિયાળ તોડકાંડ હવે સામાન્ય ચોરી નહીં, પરંતુ પોલીસ તંત્રની શંકાસ્પદ ભૂમિકા અને અંદરની ગોઠવણના કારણે ભારે ચર્ચામાં છે. ચાર ટેમ્પા ભરીને ડુપ્લીકેટ ઘડિયાળનો જથ્થા સીઝ થયો હોવા છતાં, કરોડોની ગેરરીતિને નગણ્ય રકમમાં ગણાવી દેવાની કોશિશ થઈ હોવાના આક્ષેપોથી પોલીસની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. સિંગણપોરમાંથી ગેરરીતિના કારણે છ મહિના પહેલા અઠવામાં ધકેલાયેલા આ કોન્સ્ટેબલ નિમિત્ત તથા લાલગેટ પોલીસ સ્ટેશનમાં ડીઓ થયેલા ચેતનસિંહ પરમાર પર રોકડ ઉઘરાવવી અને સીઝ કરાયેલા માલને બીજા જ દિવસે પરત કરાવવાની ગોઠવણ કરવાના ગંભીર આક્ષેપો છે. ચર્ચા છે કે રૂ. 11થી 15 લાખ જેટલી રોકડની ઉઘરાણી કરવામાં આવી અને 60 લાખના માલને કાગળ પર નગણ્ય રકમ દર્શાવીને 'ફાઈલ ક્લોઝ' કરવાની કોશિશ થઈ. પો.કમિ. સુધી ફરિયાદ પહોંચતાં ડી-સ્ટાફના ઈશ્વરસિંહ મેનિયાની હેડ ક્વાર્ટરમાં બદલી કરાઈ હતી. હવે તપાસની જવાબદારી ડીસીપીને સોંપાઈ છે. એક તરફ નિર્દોષ કોન્સ્ટેબલને બલિનો બકરો બનાવાયો તો બીજી તરફ મુખ્ય વિલનને બચાવી લેવાયાના આક્ષેપો કરાયા છે.

### લાંચખોરોને બક્ષવામાં નહીં આવે: પો.કમિ.

અઠવા લાઈન્સ વિસ્તારમાં થયેલા ઘડિયાળ તોડકાંડ પ્રકરણમાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે હાલ એક કોન્સ્ટેબલની હેડ ક્વાર્ટરમાં બદલી કરવામાં આવી છે, સાથે ઉચ્ચકક્ષાના અધિકારીને તપાસ સોંપાઈ છે. તોડકાંડમાં હજુ પણ જેના હાથ ખરડાયેલા હશે, તેને બક્ષવામા નહિ આવશે.

# ગાય સાથે દુષ્કર્મ આચરનારા વિકૃતને જેલભેગો કરાયો

**ફરિયાદ** પક્ષની બીએનએસ કલમ ૩૨૯ ઉમેરવાની માંગ કોર્ટે સ્વીકારી

સુરત: અડાજણ વિસ્તારના એક તબેલામાં ઘૂસીને માનસિક વિકૃતે ગાય સાથે દુષ્કર્મ કૃત્ય કરતાં તની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે. આ સાથે આરોપીને જ્યારે કોર્ટમાં રજૂ કરાયો ત્યારે તપાસ અધિકારી દ્વારા બીએનએસની કલમ ૩૨૯ ફરિયાદમાં જોડવામાં આવી ન હતી. જેથી ફરિયાદ પક્ષના વકીલ મયુર આર પટેલે આ કલમ ઉમેરવાની માંગણી કરતા તે સ્વીકારવામાં આવી હતી. કેસની હકીકત એવી છે કે બે દિવસ પહેલા આરોપી બ્રિજ મોહન રવિન્દ્ર યાદવ ફરિયાદીના એલપી સવાણી રોડ વિદ્યાકુંજ પાસે ચોસઠ જોગાણી માતા મંદિર પાસેના તબેલામાં ઘૂસી ગયો હતો અને ગાય સાથે દુષ્કર્મ કરતા નજરે પડ્યો હતો. ફરિયાદી બલદેવભાઈએ પોલીસની મદદથી આરોપીને ઝડપી પાડ્યો હતો.

આ બનાવ અંગે અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. તે સમયે ફરિયાદ પક્ષ તરફથી બીએનએસની કલમ ૩૨૯નો ઉમેરો કરવાની માંગ કરાઈ હતી આ માંગનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આરોપીને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો હુકમ કર્યો છે.

### વકીલને મળી પરત જતા રાંદેરના વૃદ્ધનું મોપેડ સ્લિપ થતાં મોત

સુરત: ઘરના વેચાણ માટે એડવોકેટનું કામ પતાવી પરત જતા રાંદેરના વૃદ્ધનું મોપેડ સ્લીપ થતા મોત થયું હતું હતું. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, રાંદેર તિરુપતિ સોસાયટીમાં દિનેશચંદ પ્રેમચંદ ઘીવાલા (77 વર્ષ) સોમવારે સાંજે તેમના રાણીતળાવ પાસેના ઘરના વેચાણ માટેના કામથી અઠવાલાઇન્સ ખાતે એડવોકેટને મળવા ગયા હતા. ત્યાં કામ પૂર્ણ કર્યા બાદ તેઓ મોપેડ પર પરત જઈ રહ્યા હતા. ત્યારે સરદાર બ્રિજ ચડતી વખતે તેમની મોપેડ સ્લીપ થઇ ગઇ હતી. જેથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમનું મોત થયું હતું.

### મુખ્યમંત્રીના હસ્તે સુરત મનપાને 657 કરોડથી વધુની ગ્રાન્ટનો ચેક મળશે

સુરત: રાજ્ય સરકાર દ્વારા આવતીકાલે ગાંધીનગર ખાતે શહેરી વિકાસને વેગ આપતી મોટી ગ્રાન્ટ યોજનાના ભાગરૂપે રાજ્યભરની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને ગ્રાન્ટના ચેકનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે સુરત મહાનગરપાલિકાને અંદાજે 657 કરોડ રૂપિયાથી વધુની ગ્રાન્ટનો ચેક આપવામાં આવશે. ગ્રાન્ટનો ઉપયોગ મૂળભૂત સુવિધાઓ, માર્ગ, ડ્રેનેજ, પાણી પુરવઠા, આરોગ્ય, સફાઈ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના વિવિધ પ્રોજેક્ટો માટે કરવામાં આવશે.આ કાર્યક્રમમાં સુરત મહાનગર પાલિકા તરફથી મેયર દક્ષેશ માવાણી, મનપા કમિશનર શાલિની અગ્રવાલ, સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલ, ડેપ્યુટી મેયર નરેન્દ્ર પાટીલ, શાસકપક્ષ નેતા શશી ત્રીપાઠી તેમજ ચાર આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરો ઉપસ્થિત રહેશે. કુલ મળીને 10 પ્રતિનિધિ સુરત મનપા તરફથી હાજરી આપશે.

# વીમા કંપનીને ખોટી રીતે કાપેલી રકમ ચૂકવવા ગ્રાહક કોર્ટનો આદેશ

**હાર્ટ** સર્જરીના ક્લેઈમમાંથી કાપેલી રકમ વિરુદ્ધ ગ્રાહકે અરજી કરી હતી

સુરત: હાર્ટ સર્જરીના ક્લેઈમમાં વીમા કંપનીએ રકમ કાપી લેતા ફરિયાદી કૈલાશબેન જયંતીલાલ શાહે દીકરા પાવરદાર અનીશ જયંતીલાલ શાહ મારફતે સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ એડી. કમિશનમાં ફરિયાદ કરી હતી.

આ કેસમાં રૂા.૪૩,૬૫૦ની રકમ વાર્ષિક ૯% વ્યાજ સહિત તથા રૂા.૩,૦૦૦ માનસિક ત્રાસ તથા હાડમારીના રૂા.૨,૦૦૦ ખર્ચના ચૂકવી દેવા વીમા કંપનીને ગ્રાહક કોર્ટે હુકમ કર્યો છે.

ફરિયાદી કૈલાશબેન જયંતીલાલ શાહની મહાવીર હાર્ટ ઈન્સ્ટીટયુટમાં હાર્ટ સર્જરી થઈ હતી. આ સર્જરીનો કલેઈમ સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યોરેન્સ કંપની લિ.માં કરવામાં આવ્યો હતો. કુલ બિલ રૂા.૩,૩૨,૫૮૫માંથી રૂા.૫૩,૫૬૬ની ગેરકાયદે રીતે કપાત વીમા કંપની દ્વારા કરવામાં આવતાં પાવરદાર અનીશ જયંતીલાલ શાહ મારફતે સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ એડી. કમિશન સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી. બંને પક્ષની દલીલો બાદ અંતિમ સુનાવણીમાં ગ્રાહક સુરક્ષા તકરાર નિવારણ કમિશન, સુરતના પ્રમુખ આર. એલ. ઠકકર તથા સભ્ય પૂર્વી વી. જોષીએ, ફરિયાદીને રૂા.૪૩,૬૫૦ની રકમ વાર્ષિક ૯% વ્યાજ સહિત તથા રૂા.૩,૦૦૦ માનસિક ત્રાસ તથા હાડમારીના રૂા.૨,૦૦૦ ખર્ચ પેટેના ચૂકવી દેવા વીમા કંપનીને હુકમ કર્યો છે. ફરિયાદી તરફે એડવોકેટ ડેનીશ જે. પોલીશવાલા તથા અનુષી એ.વિદાણીએ દલીલો કરી હતી.

# જિલ્લા વકીલમંડળની APLમાં વી.આર. ફાઈટરનો વિજય

**જ્યારે** મહિલા ક્રિકેટમાં મહેતા ઇલેવનની ટીમ ચેમ્પિયન બની

સુરત: સુરત જિલ્લા વકીલમંડળ દ્વારા આયોજિત એડ્વોકેટ પ્રીમિયર લીગમાં વી.આર.ફાઈટર ટીમનો વિજય થયો હતો. જ્યારે મહિલા ક્રિકેટમાં મહેતા ઈલેવનની ટીમ ચેમ્પિયન બની હતી. એડ્વોકેટ્સ પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન બાવાજી ગ્રાઉન્ડ ભાઠા ગામ ખાતે કરવામાં આવ્યું હતું. જ્યાં પુરુષ એડ્વોકેટ્સની કુલ 32 અલગ અલગ ટીમોએ ભાગ લીધો હતો અને મહિલા એડ્વોકેટ્સની 3 ટીમે ક્રિકેટમાં ભાગ લીધો હતો. મહિલા ક્રિકેટમાં મહેતા ઈલેવનની ટીમ ચેમ્પિયન થઈ હતી. જેના કેપ્ટન સ્વાતિ અર્પિત મહેતા હતા. જ્યારે પુરુષ એડ્વોકેટ ક્રિકેટ મેચની ફાઈનલ વી.આર. ફાઈટર તથા સૌરાષ્ટ્ર ઈલેવન વચ્ચે થઈ હતી. રોમાંચક ફાઈનલ મેચમાં વી.આર.ફાઈટર ચેમ્પિયન થઈ હતી.

આ વિજેતા ટીમને ચેમ્પિયન ટ્રોફી તથા હારનાર તેમને રનર્સ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. બેસ્ટ ફિલ્ડર હાર્દિક પરમાર, બેસ્ટ બેટ્સમેન પાર્થ ટેલર, બેસ્ટ બોલર તુષાર વાલાણી, મેન ઓફ ધ મેચ કૃણાલ લાકડાવાળા, મેન ઓફ ધ સીરીઝ કરણ જરીવાલાને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા. ચીફ ગેસ્ટ તરીકે સુરત જિલ્લા ન્યાયાલયના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ વી.વી.પરમાર તથા મોઢ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય આર.એન.પટેલ, હિતેશ પટેલ, ધારાશાસ્ત્રી પ્રીતિ જોશી હાજર રહ્યાં હતાં. વેલ વિસર્સ તરીકે રમેશ શિંદે, અમર પટેલ, ધર્મેન્દ્ર પ્રજાપતિ, નેવીલ બક્કરિયા, અભિષેક શાહ, જકી શેખ, અશ્વિન પટેલ અને આયોજક વકીલમંડળના પ્રમુખ બ્રિજેશ પટેલ, રાકેશ ચૌહાણ, ચંદ્રેશ પીપળીયા, સાત્વિક પટેલ, ચંદ્રેશ જોબનપુત્રા, મહિલા પ્રતિનિધિ સોનલ ગ્લાસવાળાએ ભારે જહેમત ઉઠાવી હતી. ક્રિકેટ મેનેજમેન્ટ એડ્વોકેટ સંજય નાયક, મુંજાલ બ્રહ્મભટ્ટ, ચૈતન્ય પરમહંસ, સાગર વેલ્વીએ સંભાળ્યું હતું.

### નવેમ્બરમાં ચાર તરુણને મુક્ત કરાવતી ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ

સુરત: બાળમજૂરી નાબુદી અભિયાન અંતર્ગત સુરત જિલ્લા ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટીની બેઠક પ્રાંત અધિકારી વી.જે. ભંડારીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠક દરમિયાન નાયબ શ્રમ આયુક્ત એચ.એસ. ગામીતે જણાવ્યું હતું કે,

ગત નવેમ્બર મહિના દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ચા સ્ટોલ, લેસ-પટ્ટી વર્ક યુનિટ, સાડી ફિનિશિંગ, હોટ ફિક્સ યુનિટ તથા ફેશન શોપ જેવા સ્થળોએ કુલ ચાર રેડની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન ચાર તરૂણ શ્રમિકોને મજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા હતા, જેમાં એક તરૂણીનો પણ સમાવેશ થાય છે.


